# પાદરા તાલુકાનું ધોરણ-10નું 73.46% પરિણામ

**પાદરા** સેન્ટરનું ઉજ્જવળ પ્રદર્શન: સિદ્ધિ ચાવડા તાલુકામાં પ્રથમ




(પ્રતિનિધિ) પાદરા, તા.6

ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ ધોરણ 10ની SSC પરીક્ષાનું પરિણામ જાહેર થતાં પાદરા તાલુકામાં વિદ્યાર્થીઓમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. પાદરા સેન્ટરમાં કુલ 1409 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી, જેમાંથી 1035 વિદ્યાર્થીઓ સફળ જાહેર થતાં તાલુકાનું કુલ પરિણામ 73.46 ટકા આવ્યું છે. વિવિધ શાળાઓના વિદ્યાર્થીઓએ ઉત્તમ પ્રદર્શન કરી તાલુકાનું નામ ગૌરવભેર ઉજ્જવળ બનાવ્યું છે.

મુવાલ ની જ્ઞાનસરિતા વિદ્યાલયની બે વિદ્યાર્થીનીઓ પાદરા તાલુકામાં પ્રથમ અને તૃતીય સ્થાને. પાદરા તાલુકામાં આ વર્ષે મુવાલ સ્થિત જ્ઞાનસરિતા વિદ્યાલય ના વિદ્યાર્થીઓએ સર્વોત્તમ પ્રદર્શન નોંધાવ્યું છે. શાળાની વિદ્યાર્થીની સિદ્ધિ ચાવડાએ સમગ્ર તાલુકામાં પ્રથમ ક્રમાંક પ્રાપ્ત કરી 600માંથી 583 ગુણ સાથે 99.90 પી.આર. મેળવ્યા છે. જ્યારે ધ્વનિ પટેલે 579 ગુણ સાથે 99.77 પી.આર. મેળવી તાલુકામાં ત્રીજો ક્રમાંક મેળવ્યો છે. શાળાની પ્રીન્શા સોલંકીએ 555 ગુણ મેળવી શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું છે. ઉપરાંત 80 ટકાથી વધુ ગુણ મેળવનારા કુલ 18 વિદ્યાર્થીઓએ શાળાનું નામ રોશન કર્યું છે. શાળા પરિવાર દ્વારા તમામ સફળ વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવી ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી.

પાદરાની ઝેન સ્કૂલ એ અંગ્રેજી તેમજ ગુજરાતી બંને માધ્યમમાં ઉત્તમ પરિણામ નોંધાવ્યું છે. અંગ્રેજી માધ્યમમાં અશ્વની મૌર્યએ 99.50 ટકા સાથે તાલુકામાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. આંશી પટેલ અને અંશકુમાર ઓઝાએ 98.92 પી.આર. તેમજ આસ્થા રાણાએ 98.14 ટકા મેળવી સફળતા મેળવી છે. શાળાનું અંગ્રેજી માધ્યમનું કુલ પરિણામ 99.14 ટકા આવ્યું છે. જ્યારે ગુજરાતી માધ્યમમાં 91.93 ટકા પરિણામ નોંધાયું છે. તેમાં ઝીલ પટેલે 99.02 પી.આર., પુરજીત ગાંધીએ 98.02 પી.આર. અને હિતીક્ષા વડાલીયાએ 97.63 પી.આર. મેળવી શાળાનું ગૌરવ વધાર્યું છે.

પાદરાના ઘાયજ રોડ પર આવેલી અદિતી સાયન્સ સ્કૂલ ના વિદ્યાર્થીઓએ પણ નોંધપાત્ર પ્રદર્શન કર્યું છે. અંગ્રેજી માધ્યમમાં યક્ષ પઢિયારે 99.36 ટકા મેળવી તાલુકામાં બીજો ક્રમાંક મેળવ્યો છે, જ્યારે નૈતિક ભાખ્લેએ 98.72 ટકા પ્રાપ્ત કર્યા છે. શાળાનું અંગ્રેજી માધ્યમનું પરિણામ 93.65 ટકા અને ગુજરાતી માધ્યમનું પરિણામ 95.51 ટકા આવ્યું છે. ખાસ કરીને ધોરણ 10ના ગણિત વિષયમાં 100માંથી 100 ગુણ મેળવનારા 5 વિદ્યાર્થીઓ શાળાની મહત્વપૂર્ણ સિદ્ધિ ગણાઈ રહ્યા છે. ગુજરાતી માધ્યમમાં ભરવાડ મિહિરે 99.51 ટકા મેળવી તાલુકામાં બીજો ક્રમાંક મેળવ્યો છે. જ્યારે આર્ચી વાળંદે 98.92 ટકા, ભરવાડ મિતેશે 98.82 ટકા અને હરદીપસિંહ પરમારે 98.14 ટકા મેળવી ઉત્તમ સફળતા મેળવી છે.

### ધોરણ 10નું બોર્ડનું પરિણામ 82.56%

# ડભોઇ કેન્દ્રનુ ધોરણ 10 નુ 76.96 ટકા ઉંચુ પરીણામ

**ડભોઇ** કેન્દ્રમાં દીકરીઓનો દબદબો: મુક્તા રાઠવા 99.87 PR સાથે પ્રથમ



(પ્રતિનિધિ) ડભોઇ, તા.6

તાજેતરમાં જ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહના ઉંચા પરીણામ બાદ આજે ધોરણ ૧૦ નુ પરીણામ પણ ઉંચુ આવતા વિધાર્થીઓ વાલીઓમા ખુશી જોવા મળી છે.

ધોરણ ૧૦ નુ બોર્ડનુ પરીણામ ૮૩.૮૬ ટકા આવ્યું છે. જયારે ડભોઇ કેન્દ્ર નુ પરીણામ ૭૬.૯૬ ટકા આવ્યું છે. જેને લઈ વિધાર્થીઓના ઉંચા પરીણામને લઈ ખુશી જોવા મળી છે. ડભોઇ કેન્દ્રમા દયારામ શાળાની મુકતા કુમારી પ્રવીણભાઈ રાઠવા ૯૯.૮૭ પી.આર સાથે પ્રથમ આવી છે. જયારે નોબલ પબ્લિક શાળાની સાક્ષી મનોજ બારીયાએ ૯૯.૭૭ સાથે ડભોઇ કેન્દ્ર મા બીજુ સ્થાન મેળવ્યું છે. દયારામ શાળાના વેદાંત દીપકભાઈ ભાવસાર ૯૯.૬૨ પી.આર સાથે ડભોઇ કેન્દ્રમા ત્રીજા સ્થાને છે. ડભોઇની ચીમનભાઈ પટેલ શાળાની ઊર્જા ધીરેનભાઈ પંડયા ૯૯.૫૬ પી.આર સાથે ડભોઈ કેન્દ્રમા ચોથા સ્થાને છે. આમ ડભોઈ નુ ધોરણ ૧૨ બાદ ધોરણ ૧૦ નુ પરીણામ પણ ઉંચુ આવતા વિધાર્થીઓ વાલીઓ અને શિક્ષકો માં ખુશી જોવા મળી છૈ.

# કરજણ તાલુકાની શાળાઓમાં ધોરણ 10 અને 12 નાં પરિણામો: ઉજ્જવળ ભવિષ્યની ઝલક

**કરજણ** તાલુકાના તેજસ્વી તારલાઓએ લહેરાવ્યો સફળતાનો વિજયધ્વજ

(પ્રતિનિધિ) કરજણ, તા.6

કરજણ તાલુકાની શાળાઓમાં ધોરણ ૧૦ અને ૧૨ નાં પરિણામો જાહેર થતાં વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળા પરિવારોમાં હર્ષ અને ઉત્સાહનો માહોલ છવાઈ ગયો છે. આ પરિણામો માત્ર આંકડા નથી, પરંતુ વિદ્યાર્થીઓની સખત મહેનત, શિક્ષકોના સમર્પણ અને વાલીઓના સહયોગનું પ્રતિક છે. આ વર્ષે પણ કરજણ તાલુકાના વિદ્યાર્થીઓએ ઉત્કૃષ્ટ દેખાવ કરીને તાલુકાનું ગૌરવ વધાર્યું છે.

ધોરણ ૧૨ ના પરિણામોમાં, દિશાબેન ઠાકોરભાઈ પાટણવાડીયાએ ૮૭.૬૬% ગુણ મેળવીને અદભુત સિદ્ધિ હાંસલ કરી છે. તેમની આ સફળતા અન્ય વિદ્યાર્થીઓ માટે પ્રેરણાદાયી છે. કોમલ ચંદ્રકાંત વસાવાએ ૮૬% અને જયદીપ નવનીતભાઈ શર્માએ ૮૨% ગુણ મેળવીને પોતાની બુદ્ધિમત્તા અને પરિશ્રમનો પરિચય આપ્યો છે. આ વિદ્યાર્થીઓએ ઉચ્ચ ગુણ મેળવીને પોતાના પરિવાર અને શાળાનું નામ રોશન કર્યું છે.

ધોરણ ૧૦ ના પરિણામોમાં પણ કરજણ તાલુકાની શાળાઓએ પ્રશંસનીય દેખાવ કર્યો છે. શ્રી રંગઅવધૂત વિદ્યાલય, પાછીયાપુરા, તા. કરજણ, એ SSC ૨૦૨૬ માં ૧૦૦% પરિણામ મેળવીને એક અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. આ પરિણામ શાળાના શિક્ષકોની નિષ્ઠા અને વિદ્યાર્થીઓના અથાક પ્રયાસોનું ફળ છે. ૧૦૦% પરિણામ એ દર્શાવે છે કે શાળાએ દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન આપીને તેમને સફળતાના શિખરે પહોંચાડ્યા છે.

જસુબા સ્વામી વિદ્યાલય, મેથી સ્કૂલ, એ પણ ધોરણ ૧૦ માં ૯૬.૩૬% નું પ્રભાવશાળી પરિણામ મેળવ્યું છે. આ શાળામાંથી ૨૦૨૬ માં પરીક્ષા આપવા બેઠેલા ૫૫ વિદ્યાર્થીઓમાંથી ૫૩ વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ઉત્તીર્ણ થયા છે. આ શાળાના વિદ્યાર્થીઓએ પણ ઉત્કૃષ્ટ દેખાવ કર્યો છે. જીગર એસ. રાઠવાએ ૮૮.૫૦% ગુણ મેળવીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે, જે ખરેખર પ્રશંસનીય છે. ચૌહાણ પ્રિયાંશીબેન વી. એ ૮૭.૧૭% ગુણ સાથે દ્વિતીય ક્રમાંક મેળવ્યો છે, જ્યારે પરમાર નિરાલીબેન જી. એ ૮૩.૮૩% ગુણ મેળવીને તૃતીય સ્થાન પ્રાપ્ત કર્યું છે. આ વિદ્યાર્થીઓની સફળતા તેમની મહેનત અને લગનનું પરિણામ છે.

આ પરિણામો કરજણ તાલુકાના શૈક્ષણિક સ્તરની ઉચ્ચતા દર્શાવે છે. શાળાઓ દ્વારા પૂરી પાડવામાં આવતી ગુણવત્તાયુક્ત શિક્ષણ, શિક્ષકોનું માર્ગદર્શન અને વિદ્યાર્થીઓની પ્રતિબદ્ધતા આ સફળતાના મુખ્ય આધારસ્તંભ છે.

# સાવલી તાલુકાનું ધોરણ 10નું 63.04% પરિણામ: ગત વર્ષ કરતા 3.37%નો વધારો

**સાવલી** તાલુકાના તેજસ્વી તારલાઓ: ચૌહાણ રૂપાલી 94.50% સાથે તાલુકામાં પ્રથમ

(પ્રતિનિધિ) સાવલી, તા.6

આજરોજ ધોરણ 10 નું પરિણામ જાહેર થયું હતું જેના પગલે વિદ્યાર્થી વર્ગમાં ભારે ઉત્સુકતા અને ઉત્સાહ વર્તાતો હતો સાવલી પરીક્ષા કેન્દ્રમાં કુલ 1300 વિદ્યાર્થીઓ નોંધાયા હતા જેમાંથી 1285 વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી તેમાં આજરોજ જાહેર થયેલ પરિણામમાં કુલ 810 વિદ્યાર્થીઓ પાસ થતા 63.04 ટકા પરિણામ આવ્યું હતું જે ગતવર્ષમાં 59.67 ટકા આવ્યું હતું જે ગત વર્ષ ની સરખામણી માં 3.37 ટકા વધુ રિઝલ્ટ આવ્યું છે શ્રી પી એસ એલ એસ વિધાલય સમલાયા સ્ટેશન માં 85 માંથી 63 પાસ અને 22 નાપાસ થતા 74.11 ટકા પરિણામ આવ્યું છે જેમાં સાવલી હાઈસ્કુલ સાવલી માં કુલ 224 વિધાર્થી ઓ એ પરીક્ષા આપી હતી જેમાં 113 પાસ થયા છે 111 નાપાસ થયા છે આમ 50.54 ટકા પરિણામ આવ્યું છે.

જ્યારે વિકાસ વિધાલય ગોઠડા માં કુલ 55 પરીક્ષા આપી હતી જેમાં 39 પાસ થયા છે અને 16 નાપાસ થતા 70.90 ટકા પરિણામ આવ્યું છે જ્યારે ફાતિમા હાઈસ્કુલ ના કુલ 52 વિધાર્થી ઓ એ પરીક્ષા આપી હતી જેમાં 39 પાસ થયા છે અને 13 નાપાસ થતા 75 ટકા પરિણામ આવ્યું છે જ્યારે શ્રી ગંગોત્રી હાઈસ્કુલ સાવલી માં કુલ 127 પરીક્ષા આપી હતી જેમાં 116 પાસ થયા હતા જ્યારે 11 નાપાસ થતા 91.34 ટકા પરિણામ આવ્યુ છે જ્યારે સરકારી માધ્યમિક શાળા તાડીયાપુરા માં 39 પરીક્ષા આપી હતી જેમાં 29 પાસ થયા છે અને 10 નાપાસ થતા 74.35 ટકા પરિણામ આવ્યું છે.

એન બી ભાવસાર સાર્વજનિક હાઈસ્કુલ વાંકાનેર 275 પરીક્ષા આપી હતી જેમાં 178 પાસ અને 37 નાપાસ થતા 82.79 ટકા પરિણામ આવ્યું છે જ્યારે જી આર ભગત ભાદરવા માં 145 માંથી 66 પાસ થયા છે જ્યારે 79 નાપાસ થતા 45.51 ટકા પરિણામ આવ્યું છે લોક વિધાલય લામડા પુરા 85 માંથી 61 પાસ અને 24 નાપાસ થતા 71.76 ટકા પરિણામ આવ્યું છે જ્યારે એમ ડી પટેલ સાંઢાસાલ હાઈસ્કુલ માં 229 માંથી 216 પાસ 13 નાપાસ થતા 94.32 ટકા પરિણામ આવ્યુ છે શ્રીમતી કે એચ પટેલ જનપદ વિદ્યામંદિર ખાખરીયા માં 69 માં 66 પાસ અને 3 નાપાસ થતા 95.65 ટકા પરિણામ આવ્યુ છે શ્રી ભક્તિ ઉત્તર બુનિયાદી વિધાલય વડિયા માં 34 માંથી 20 પાસ અને 14 નાપાસ થયા 59 ટકા પરિણામ આવ્યું છે શ્રીમતી ડી પી પટેલ હાઈસ્કુલ મોક્સી માં 91 માંથી 70 પાસ અને 21 નાપાસ થતા 77 ટકા પરિણામ આવ્યું છે.

# સંખેડાની ડી.બી. પારેખ હાઈસ્કૂલનો SSCમાં ડંકો, 86.46% પરિણામ

**અંશ કાછીયા** 98.14 P.R. સાથે પ્રથમ, જિલ્લામાં પણ નોંધપાત્ર સફળતા



(પ્રતિનિધિ) સંખેડા, તા.6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા જાહેર કરાયેલા ધોરણ-10 (SSC) પરીક્ષાના પરિણામમાં સંખેડાની ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલે ઝળહળતું પરિણામ મેળવી ગૌરવ મેળવ્યું છે.

રાજ્યનું કુલ પરિણામ 83.86 ટકા જાહેર થયું છે. જ્યારે છોટાઉદેપુર જિલ્લાનું પરિણામ 82.42 ટકા નોંધાયું છે. સંખેડા કેન્દ્રમાં કુલ 730 વિદ્યાર્થીઓમાંથી 692 વિદ્યાર્થીઓ સફળ થતાં 86.42 ટકા પરિણામ નોંધાયું છે.

ડી.બી. પારેખ સાર્વજનિક હાઈસ્કૂલમાં કુલ 156 વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત રહ્યા હતા, જેમાંથી 138 વિદ્યાર્થીઓ સફળ થતાં શાળાએ 86.46 ટકા ઉત્તમ પરિણામ મેળવ્યું છે.

શાળાના પ્રતિભાશાળી વિદ્યાર્થી અંશ સુનિલકુમાર કાછીયાએ 98.14 પર્સેન્ટાઈલ સાથે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે. જ્યારે પર્વ વિનેશકુમાર પટેલે 95.26 પર્સેન્ટાઈલ સાથે દ્વિતીય અને અવની હરેશકુમાર પરમારે 93.95 પર્સેન્ટાઈલ સાથે તૃતીય સ્થાન મેળવી શાળાનું નામ રોશન કર્યું છે.

વિદ્યાર્થીઓની આ સિદ્ધિને પગલે સંસ્થાના પ્રમુખ પરિમલભાઈ શાહ, મંત્રી સંજયકુમાર દેસાઈ, આચાર્ય ચિરાગ શાહ તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા સફળ વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સાથે જ વિદ્યાર્થીઓ જીવનમાં સતત પ્રગતિ કરતા રહે અને માતા-પિતા, સમાજ તથા શાળાનું નામ વધુ ઉજ્જવળ કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

### ડભોઇના સેગુવાડામાં કેનાલ પર દબાણ

# કેનાલને નુકસાન પહોંચાડનાર બિલ્ડરને નિગમની લાલ આંખ

**ડભોઇના** બૈતુન નૂર સિટીના બિલ્ડરને કેનાલ મામલે નોટિસ

(પ્રતિનિધિ) 456, તા.6

ડભોઈ તાલુકાના સેગુવાડા ગામે બિલ્ડર દ્વારા ખેડૂતો માટે સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ ની કેનાલ ને નુકશાન કરવામાં આવેલ છે.

જાણવા મળ્યાં મુજબ સરદાર સરોવર નર્મદા નિગમ લીમીટેડ દ્વારા ખેડૂતો માટે કેનાલ બનાવવા મા આવી જે માટે નિગમ દ્વારા જે તે વખતે વળતર ચૂકવી જમીન હસ્તગત કરવામાં આવી હતી જયાં કેટલાક સમય પહેલાં બૈતુનનુર સીટી નામની સોસાયટી ના બિલ્ડર દ્વારા પ્લોટ પાડવામાં આવેલ જયાં આ કેનાલ ને નુકશાન કરી જમીન સમથળ કરવામાં આવી જેની રજૂઆત એસ.એસ.એન.એલ ને થતાં અધિકારીઓ દોડતા થઈ ગયા અને બિલ્ડર ને નોટિસ આપી કેનાલ ને પૂર્વવત કરી દેવી અને ખેડૂતો ને કોઈ પણ જાત નુ નુકશાન ન થાય તે રીતે કેનાલ તૈયાર કરવા ની રહેશે હવે જોવા નુ રહ્યું કે બિલ્ડર નિગમ ની વાત માનશે કે પછી રાજકીય પ્રભાવ જોવા મળશે જો કે નિગમે બિલ્ડર ને કાર્યવાહી કરવામાં આવશે એમ સ્પષ્ટ જણાવેલ છે નર્મદા નિગમ ના અધિકારી એ પહેલાં જ પગલાં ભર્યા હોત તો ખેડૂતો ને પાણી નુ નુકસાન ન વેઠવું પડયું હોત !!

### પાદરા નાગરિક બેંકલના નવા હોદ્દેદારોની વરણી

# પાદરા નાગરિક બેંકના પ્રમુખ અને ઉપપ્રમુખ નિમાયા

(પ્રતિનિધિ) પાદરા, તા.6

પાદરા નગર નાગરિક સહકારી બેંક લિમિટેડના પ્રમુખ તરીકે સંજયભાઈ રસિકભાઈ પટેલ, ઉપપ્રમુખ તરીકે કરણસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ તથા મેનેજિંગ ડિરેક્ટર તરીકે સુનિલભાઈ ચંદ્રકાંત ગાંધી સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર થતા બેંક પરિવારમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.




પાદરા નગર નાગરિક સહકારી બેંક લિમિટેડની તાજેતરમાં યોજાયેલી વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ધારાસભ્ય ચૈતન્યસિંહ ઝાલા સમર્થિત “બેંક હિતરક્ષક પેનલ”ના તમામ ઉમેદવારોનો ભવ્ય વિજય થયો હતો. બેંકના કુલ 15 ડિરેક્ટર પદ માટે ચૂંટણી યોજાઈ હતી, જેમાં એક ઉમેદવાર અગાઉથી જ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા, જ્યારે બાકીના 14 બેઠકો માટે મતદાન યોજાયું હતું. આ ચૂંટણીમાં બે મહિલા ડિરેક્ટરો સહિત તમામ 15 ઉમેદવારોને વિજય પ્રાપ્ત થયો હતો. બીજી તરફ પરિવર્તન પેનલના તમામ ઉમેદવારોનો પરાજય થયો હતો.

ચૂંટણી પૂર્ણ થયા બાદ આજરોજ બેંકના પ્રમુખ, ઉપપ્રમુખ અને મેનેજિંગ ડિરેક્ટરની વરણી માટે બેઠક યોજાઈ હતી. જેમાં પ્રમુખ પદ માટે સંજયભાઈ રસિકભાઈ પટેલ, ઉપપ્રમુખ પદ માટે કરણસિંહ ધર્મેન્દ્રસિંહ રાઠોડ તથા મેનેજિંગ ડિરેક્ટર પદ માટે સુનિલભાઈ ચંદ્રકાંત ગાંધી દ્વારા ઉમેદવારી નોંધાવવામાં આવી હતી. જોકે તેમની સામે અન્ય કોઈ ઉમેદવારી નોંધાઈ નહોતી, જેના પરિણામે ત્રણેય હોદ્દેદારો સર્વાનુમતે બિનહરીફ ચૂંટાયેલા જાહેર થયા હતા.

ચૂંટાયેલા હોદ્દેદારોને અન્ય ડિરેક્ટરો દ્વારા અભિનંદન પાઠવી શુભેચ્છાઓ આપવામાં આવી હતી. આ પ્રસંગે પ્રમુખ તરીકે ચૂંટાયેલા સંજયભાઈ પટેલે જણાવ્યું હતું કે, “પાદરા નાગરિક બેંકના હિત અને વિકાસ માટે તમામ સભાસદોએ એકતા દર્શાવી છે. બેંકને વધુ મજબૂત બનાવી ઉત્તરોત્તર પ્રગતિના માર્ગે આગળ ધપાવવા માટે સૌના સહકારથી કાર્ય કરવામાં આવશે.

### તંત્રની આળસ-જો કોઈ રાહદારીનો જીવ લે તો નવાઈ નઈ..

# તેજગઢ પાસે અકસ્માતને આમંત્રણ આપતો ખાડો - તંત્ર ક્યારે જાગશે?



(પ્રતિનિધિ) પાવીજેતપુર , તા.6


છોટાઉદેપુર થી તેજગઢ જતા વ્યસ્ત માર્ગ પર આવેલો મોટો ખાડો હાલ રાહદારીઓ માટે ગંભીર જોખમ બની ગયો છે. રોજબરોજ ભારે વાહન વ્યવહાર વચ્ચે આ ખાડો અકસ્માતને નોતરૂ આપી રહ્યો હોવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ કામગીરી હાથ ધરવામાં આવી નથી.

સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકોનો સવાલ છે કે શું તંત્ર કોઈ મોટા અકસ્માતની રાહ જોઈ રહ્યું છે? ખાસ કરીને N.H 56 પર વાહન વ્યવહાર વધુ હોવાથી બાઈક સવારો અને અન્ય રાહદારીઓ માટે જીવનું જોખમ વધ્યું છે.

જિલ્લા મથક સુધી પહોંચવા માટેનો આ મહત્વપૂર્ણ માર્ગ હોવા છતાં આવી બેદરકારી સામે પ્રશ્નો ઉભા થઈ રહ્યા છે. શું જવાબદાર અધિકારીઓ આ સમસ્યાથી અજાણ છે કે પછી ઈરાદાપૂર્વક આંખ આડા કાન કરી રહ્યા છે? સ્થાનિક લોકોએ તાત્કાલિક ખાડો પુરાવી માર્ગ સુધારવાની માંગ ઉઠાવી છે, નહીં તો કોઈ પણ ક્ષણે ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે.

# ખત્રી વિદ્યાલય બોડેલીની દીકરીઓએ જિલ્લામાં પ્રથમ અને તૃતીય નંબર મેળવી શાળાનું નામ રોશન કર્યું

**ખત્રી** વિદ્યાલયનું 96% પરિણામ, જિલ્લાના ટોપ-3 માં શાળાની બે દીકરીઓ




(પ્રતિનિધિ) બોડેલી, તા.6

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક બોર્ડ દ્વારા લેવાયેલ ફેબ્રુઆરી 2026 ની S.S.C બોર્ડની પરીક્ષામાં ખત્રી વિદ્યાલયનું ૯૬% પરિણામ સાથે શાળાએ ભવ્ય સફળતા પ્રાપ્ત કરી છે અને શાળાની બે દીકરીઓએ જિલ્લામાં પ્રથમ અને ત્રીજો નંબર *મેળવી જિલ્લામાં શાળાનો ડંકો વગાડ્યો છે. જેમાં ખત્રી ખદીજાબેન મોહમ્મદતૈયબ 99.97 PR મેળવી સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમ નંબરે સ્થાન પ્રાપ્તકર્યુ છે. તેઓ ખત્રી વિદ્યાલયમાં અભ્યાસ કરતા હતા એની સાથે સાથે સરસ્વતી ટ્યુશન ક્લાસીસમાં પણ શિક્ષા પ્રાપ્ત કરતા હતા તથા ખત્રી ખદીજા મોહમ્મદહુસેન 99.92 PR સમગ્ર જિલ્લામાં ત્રીજો નંબર પ્રાપ્ત કરેલ છે અને શાળામાં બીજો નંબરે અગ્રેસર રહ્યા છે. ખત્રી શબનમબાનુ મહંમદ આરીફ 99.36 PR સાથે શાળામાં ત્રીજો નંબર મેળવી તાલુકા અને જિલ્લામાં અગ્રેસર રહ્યા છે. છોટાઉદેપુર જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી આનંદ કુમાર પરમાર સાહેબ તથા તેઓની ટીમ ના સતત માર્ગદર્શન, શિક્ષક ગણનો પરિશ્રમ, વાલીગણનો સાથ સહકાર તેમજ વિદ્યાર્થીઓના અથાગ પ્રયત્નો , પેપર લખવાના મહાવરા ને કારણે શાળાએ ભવ્ય સફળતા પ્રાપ્ત કરી છે. વિદ્યાર્થીઓની આ સિદ્ધિ માટે શાળાકીય વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓની નિયમિતતા ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે. શાળાની દીકરીઓએ સમગ્ર છોટાઉદેપુર જિલ્લામાં પ્રથમ અને ત્રીજો નંબર મેળવી મહિલા સશક્તિકરણ નું ઉદાહરણ પૂરું પાડ્યું છે. આ દીકરીઓને શાળાના આચાર્યશ્રી યુ.વાય. ટપલા દ્વારા મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું. શાળાના આચાર્યશ્રી ટ્રસ્ટી મંડળ અને શાળા પરિવારે તેઓને ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેરછાઓ પાઠવી છે.

# ભાટપુર કેનાલ પાસે દારૂ ઝડપાયો: પોલીસે 3.69 લાખનો મુદ્દામાલ જપ્ત

(પ્રતિનિધિ) સંખેડા, તા.6

સંખેડા તાલુકાના ભાટપુર કેનલ પાસે પોલીસે ગેરકાયદેસર દારૂ સાથે બે ફોરવીલ ગાડી જપ્ત કરી છે. દારૂ અને ફોરવીલ છોડીને એક ચાલક ફરાર થઈ ગયો એક પકડાયોહતો.



છોટાઉદેપુર જિલ્લો સરહદી જિલ્લો છે જેને લઈ પર પ્રાંતમાંથી વિદેશી દારૂ ઘૂસાડવાના પ્રયત્નો કરવામાં આવે છે જેને જિલ્લા પોલીસ ના કામ બનાવી રહી છે ત્યારે સંખેડા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈપીઆઈ પોલીસ સ્ટેશનના સ્ટાફ સાથે ભાટપુર કેનલ ઉપર પેટ્રોલિંગમાં હતા ત્યારે બાતમી મળી હતી કે ભાટપુર કેનાલ પરથી વડોદરા તરફ જવાની છે તેના આધારે સંખેડા પોલીસે ભાટપુર કેનાલ પાસે નાકાબંધી ગોઠવી હતી નાકાબંધી દરમિયાન ની મુજબની ક્રેટા જેનો નંબર Gjo.6 KP.3685 નો આગળ માયલોટિંગ વાડી ગાડી આવતા તેને રોકવાનો પ્રયત્ન કરતા તે જાડી જાખરાનો લાભ લઈ નાસી છૂટ્યો જ્યારે બીજી બાથમી વાડી સ્વિફ્ટ ગાડી Gj,34,N,3009 મા ભારતીય બનાવટના વિદેશી દારૂના પ્લાસ્ટિકના કોટરીયા અને બિયરના ટીન સહિત કુલ 1749 નંગ દારૂનો જથ્થો હતો. એક નંગ મોબાઈલ જેની કિંમત 5000 જપ્ત કરાયેલા દારૂની કિંમત 3, 69,348 અને ઉપયોગમાં લેવાયેલી બે ફોરવિલર ગાડી કિંમત ,700,000 આમ, કુલ 13,74,348નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો છે.